# કોલેજના વિદ્યાર્થીઓએ 'ટેક-ક્લબ'ની રચના કરી

**ટેક-ક્લબનો મુખ્ય ઉદ્દેશ્ય રિસર્ચ વર્ક, સોફ્ટસ્કીલ, એકેડેમીક, ક્રિએટીવ આર્ટ, ઈનોવેટીવ આઈડિયા, વર્કશોપ તેમજ ઈન્ફોર્મેશન ટેકનોલોજીના તજજ્ઞોના વ્યાખ્યાન વગેરેનું આયોજન કરવાનો છે**



આશ્રમ રોડ ખાતે આવેલી નવગુજરાત કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશનના ડાયરેક્ટર ડૉ.વિમલ પંડ્યાના માર્ગદર્શન હેઠળ ૧૨ વિદ્યાર્થીના એક ગ્રુપની રચના ટેક-ફેસ્ટ થકી કરવામાં આવી છે. આ ગ્રુપનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં રિસર્ચ વર્ક, સોફ્ટસ્કીલ, (ઈન્ટરવ્યુ બેઝ ટ્રેનીંગ, પર્સનાલીટી ડેવલપમેન્ટ), એકેડેમીક તથા કોર્પોરેટ વર્લ્ડ વચ્ચેનો ગેપ કઈ રીતે દૂર કરી શકાય, ગ્રુપ ડિસ્કશન, ક્રિએટીવ આર્ટ, ઈનોવેટીવ આઈડિયા, સેમિનાર, વર્કશોપ તેમજ ઈન્ફોર્મેશન ટેકનોલોજીના તજજ્ઞોના વ્યાખ્યાન વગેરેનું આયોજન કરી વર્ષ દરમિયાન કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ક્રિએટીવ અને એક્ટિવ રાખવાનો રહેશે. એટલુ જ નહીં ટેક-ક્લબની એક્ટિવિટી અંતર્ગત આ કોલેજમાંથી પાસ આઉટ થયેલા વિદ્યાર્થીઓ દર મહિનાના બીજા તથા ચોથા શનિવારે કેમ્પસમાં આવશે અને હાલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કોર્પોરેટ જગતથી માહિતગાર કરશે અને ટિપ્સ આપશે તેમજ નોકરી અપાવવામાં મદદરૂપ બનશે.



# નવગુજરાત કોલેજમાં આઈ ચેકઅપ કેમ્પ યોજાયો

નવગુજરાત કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશનના વિદ્યાર્થીઓ માટે નિ:શુલ્કમાં આંખની તપાસનો કેમ્પ યોજાયો હતો. કમ્પ્યૂટર સામે બેસીને સતત કામ કરતા વિદ્યાર્થીઓની આંખની કેટલીક કસરતો કરાવાઈ હતી.